Office Order:
Principal/DJMIT/Admin/SARTHI/xxx
Date 11/12/20

વિષય _ ..સારથિ" યોજના અંતર્ગત ..સારથિ,, સર્વગ્રાહી રિવ્યૂ કમિટી (Sarthi Plenary Review Committee – PRC) સ્થાપન અને કાર્યાન્વિત કરવા બાબતે

પ્રાસ્તાવિક _ **..સારથિ"** યોજના અંતર્ગત આણંદ જિલ્લા ના ધો. 10 થી 12 મા નાં સાયન્સ શાખાના વિદ્યાર્થીઓમાં કારકિર્દી ઘડતર માં DJMIT દ્વારા માર્ગદર્શન, આર્થિક સહાય આપી વિદ્યાર્થીઓને એન્જિનિયરિંગ શાખામાં ઉજ્જવળ કારકિર્દી બનાવવામાં મદદ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

1. **..સારથિ"** યોજના નું પૂરું નામ **STUDENT ASSISTANCE FOR RESHAPING TRANSFORMATION TO CAREER HARMONY INITIATIVE** છે જેના દરેક શબ્દ ના પ્રથમ અક્ષરો ને ભેગા કરી ટૂંકાક્ષરી (Acronym) બનાવેલ છે અને ..સારથિ,, (SARTHI) નો ગુજરાતી માં અર્થ માર્ગદર્શક અથવા જીવન પથ ની લગામ જેના હાથ માં છે તેવો ..સહાયકર્તા" પણ થાય છે. .સારથિ, યોજનાને .. વિદ્યાર્થી કારકિર્દી ઘડતર સહાય યોજના,, પણ કહી શકાય.

   સમગ્ર ગુજરાત રાજ્ય માં કોઈ પણ સેલ્ફ ફાઇનાન્સ કોલેજ દ્વારા સંચાલિત આ એક આગવી પહેલ અને વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન અને આર્થિક સહાયની ઉમદા યોજના છે. જેનો ઉદ્દેશ મુખ્યત્વે 12 સાયન્સના વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન અને આર્થિક સહાય આપી તેમને સફળ કારકિર્દી પાર પહોંચાડવાનો છે. DJMIT કોલેજનો હેતુ ફક્ત કોલેજમાં વિદ્યાર્થીઓને શિક્ષણ આપવા પુરતો મર્યાદિત ન રાખતા સંસ્થાની મહેચ્છા છે કે વિદ્યાર્થીઓ તેમને મળેલી ડિગ્રી અથવા શિક્ષણ નો યોગ્ય ઉપયોગ કરી તેમની શાખામાં ઉત્તમ નોકરી અથવા બિઝનેસ કે ઉદ્યોગ સ્થાપી અન્ય જરૂરિયાતમંદ લોકોને રોજગારી આપી દેશ અને સમાજના વિકાસમાં પણ ઉપયુક્ત ફાળો આપી તેમનું સમાજ પ્રત્યેનું ઋણ ચૂકવે તેમજ તેમના કુટુંબ, પરિવાર, માતા પિતાની પણ કાળજી લઇ સાચા અર્થમાં એક સમજદાર વિદ્યાર્થી પુરવાર થાય. ઘણીવાર જોવા મળે છે કે વિદ્યાર્થીઓમાં ક્ષમતા અને ઇચ્છાશક્તિ હોવા છતાં આર્થિક કે અન્ય અપૂરતા માર્ગદર્શનને કારણે ઘણા વિદ્યાર્થીઓને સારી નોકરી કે રોજગાર ઉપલબ્ધ થતાં નથી અથવા તેઓ પોતાનો ઉદ્યોગ ધંધો શરૂ કરી શકતા નથી.

2. એન્જિનિયરિંગ શાખા એક ખુબ અગત્યની વિદ્યાશાખા છે પરંતુ વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શનનો અભાવ અને શિક્ષણ સાથે તાલીમ, વ્યક્તિત્વ ઘડતર અને પ્લેસમેન્ટ અંગે યોગ્ય દિશાસૂચન જરૂરી છે. સરકારશ્રી દ્વારા પણ આ બાબત પર ભાર મુકવામાં આવતો હોઇ DJMIT દ્વારા ..સારથિ" યોજના થકી આ તમામ ત્રુટીઓ દૂર કરી વિદ્યાર્થીઓમાં એક સંતોષ, સમાધાન અને સફળ એન્જિનિરીંગ સ્નાતક બનાવી તેમની ઉજ્જવળ કારકિર્દીનું ઘડતર કરી તેમને સમાજમાં મોભાનું સ્થાન અપાવવાનો ઉદ્દેશ છે.

Dr. Jivraj Mehta Institute of Technology Mogar Anand

3. „સારથિ" યોજના ની મુખ્ય બાબતો માં _

1. જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપી તેમને આર્થિક સહાય કરવી જેથી તેમની કારકિર્દી યોગ્ય માર્ગે જઈ શકે અને નાણાંનાં અભાવે કોઈની કારકિર્દીના રોળાય
2. ધો. 11/12 મા ના પસંદગીના વિદ્યાર્થીઓને આવશ્યકતા અનુસાર ફી/વિના મૂલ્ય કોચિંગ પૂરું પાડવું
3. વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ વિકાસ અને નોકરી/ધંધા/રોજગાર માટે તૈયાર કરવા (Ready & Prepared for Job or Entrepreneurship)
4. વિદ્યાર્થીઓમાં સામાજિક અને કૌટુંબિક/પરિવાર પ્રત્યે જવાબદારીની ભાવના જગાવવી

4. „સારથિ„ યોજના ના સફળ અને યશસ્વી અમલીકરણ તેમજ સંકલન તથા મૂલ્યાંકન માટે માટે DJMIT મેનેજમેન્ટ દ્વારા ત્રિસ્તરીય અમલીકરણ માળખું તૈયાર કરવામાં આવેલ છે જેના ભાગ સ્વરૂપે_

(1) „સારથિ„ સર્વગ્રાહી રિવ્યૂ કમિટી (Sarthi Plenary Review Committee
(2) „સારથિ„ કાર્યકારી સમિતિ (Sarthi Executive Committee) તેમજ
(3) "સારથિ" શુભેચ્છા મંડળ પ્રસ્તાવિત કરવામાં આવેલ છે

„સારથિ„ સર્વગ્રાહી રિવ્યૂ કમિટી (Sarthi Plenary Review Committee) -

„સારથિ„ સર્વગ્રાહી રિવ્યૂ કમિટી માં મુખ્યત્વે આણંદ જિલ્લા ના શિક્ષણ સાથે સંકળાયેલ મહાનુભાવો , જાહેર જીવન તેમજ સમાજ અને વિદ્યાર્થી કારકિર્દી ઘડતરમાં મહત્વનું યોગદાન આપનારમહાનુભાવો તથા રિટાયર્ડ અધિકારી શ્રીઓ , કેળવણી મંડળ ના પ્રમુખ શ્રી ઓ , સ્કૂલો ના આચાર્ય શ્રીઓ ઉપરાંત „સારથિ„ કાર્યકારી સમિતિ ના સદસ્ય શ્રી ઓ નો સમાવેશ કરવામાં આવેલ છે. PRC કમિટી ને „સારથિ„ કાર્યકારી સમિતિ ને માર્ગદર્શન આપવું. „સારથિ„ યોજના ના લાભાર્થીઓ ની સ્કોલરશીપ માટે ભલામણ કરવી, યોજના ની અમલીકરણ ની ત્રુટીઓ દૂર કરી યોજના ની અસરકારક રીતે અમલબજાવણી માટે વિનંતી કરવામાં આવેલ છે.

5. „સારથિ„ સર્વગ્રાહી રિવ્યૂ કમિટી (Sarthi Plenary Review Committee – PRC) માં નીચે ના સદસ્ય શ્રી ઓ નો સમાવેશ કરવામાં આવેલ છે.

1) શ્રી ---- „સારથિ સંરક્ષક (Sarthi Patron)
2) આણંદ, પેટલાદ, ખંભાત, તારાપુર, બોરસદ, આંકલાવ, સોજીત્રા ઉમરેઠ ના તાલુકા "સારથિ" સંરક્ષક અને ફેસિલિટેટર (સમન્વયક) ની નિમણૂંક અલગ થી કરવામાં આવશે.
3) "સારથિ" કારોબારી સમિતિના સભ્યો
4) સ્કુલ ના પ્રતિનિધિ શ્રીઓ _ પ્રતિતાલુકા - 2
5) કેળવણી મંડળોના મેનેજિંગ ટ્રસ્ટીઓ / અધ્યક્ષ- દરેક તાલુકા માટે એક
6) કોમ્યુનિટી સમુદાય મંડળો / સામાજિક આગેવાનો / એનઆરઆઈ(NRI)
7) સ્થાનિક ઉદ્યોગ સ્પોન્સરશીપ

6. "સારથિ" યોજના ની સવિસ્તર માહિતી કોલેજની વેબસાઈટ www.djmit.ac.in પર ઉપલબ્ધ છે જે વિઝીટ કરી

Dharmsinh Desai Institute of Technology Mogar Anand

પ્રમુખશ્રીઓને ખાસ આગ્રહ કરવામાં આવે છે. સદર યોજના, ઉપર જણાવ્યા અનુસાર, આંણદ/ખેડા જિલ્લાના ધો. 10 થી 12 માનાં સાયન્સ શાખાના વિદ્યાર્થીઓને કારકિર્દી ઘડતરમાં DJMIT દ્વારા માર્ગદર્શન, મર્યાદિત સંખ્યાના (50) ઇચ્છુક, જરૂરિયાતમંદ તથા તેજસ્વી વિદ્યાર્થીઓ ને રૂ. 15,000/ ની વિદ્યાર્થીઓને વહેલો તે પહેલોના ધોરણે, આર્થિક સહાય/સ્કોલરશીપ આપવાની હોવાથી તથા ફ્રી કોચિંગ/ ટ્યૂશન આપવાનું હોઈ સબંધિત સ્કૂલના પ્રિન્સીપાલશ્રી/સ્કૂલ મેનેજમેન્ટ/ કેળવણી મંડળના પ્રમુખશ્રીઓને તેમની સ્કૂલના વિદ્યાર્થીઓને નિયત સમયમાં (31/12/2020) ઓનલાઈન અરજી કરવા સૂચના આપવા માટે વિનંતી કરવામા આવે છે.

7. **<u>સ્કોલરશીપ માટે અરજી અને રજીસ્ટ્રેશન</u>** _ ઇચ્છુક , રસ ધરાવતા વિદ્યાર્થીઓ એ 31/12/2020 અથવા તે પહેલાં શાળાના પ્રિન્સિપાલ શ્રી ની ભલામણ સાથે , <u>www.djmit.ac.in</u> વેબ સાઇટ પર ઉપલબ્ધ નિયત ફોર્મેટમાં <u>diradmin@centanand.org</u> પર અરજી કરવી. જો જરૂરી હોય તો પ્રવેશ પરીક્ષાની તારીખને અલગથી સૂચિત કરવામાં આવશે.

8. **<u>"સારથિ" હેલ્પ ડેસ્ક</u>** _ કોઈપણ રસ ધરાવતા વિદ્યાર્થી, શાળાઓ, આચાર્યો, માતાપિતા, શિક્ષકો "સારથિ" યોજનાઓના કોઈપણ સંરક્ષકો(Patrons) અથવા "સારથિ" કોઓર્ડિનેટર શ્રી હિરેન તલાટી મોબાઈલ 99250 47674 or 95865 11674 _ અથવા DJMIT વેબ સાઇટ પર "સારથિ" સેલની સૂચિમાંથી DJMIT ના વોલન્ટિયર્સ વિદ્યાર્થીઓ નો સંપર્ક કરી શકે છે.

ડી.જે.એમ.આઇ.ટી. મેનેજમેંટ દ્વારા સૂચિત અને માન્યતા પ્રાપ્ત.

Manish Mehta 12/17/20

ડૉ મનીષ મહેતા (પી.એચ.ડી.)
પ્રિન્સીપાલ, DJMIT
મોગર, આણંદ

Dr. Jivraj Mehta Institute of Technology
Mogar
Anand